## (1) 'મેડિકલ ઓકિસજન' વિશે સાચાં વિધાન પસંદ કરો.

(1) ભારતમાં તેનો 'Essential Commodities'માં સમાવેશ થાય છે.

(2) 'મેડિકલ ઓકિસજન'માં 95% શુદ્ધ ઓકિસજન હોય છે.

(3) સામાન્ય વાતાવરણમાં ઓકિસજનનું પ્રમાણ 21% હોય છે.

(4) ઔદ્યોગિક એકમો પાસે વાતાવરણમાં રહેતાં મુક્ત ઓકિસજનનું પ્રમાણ સામાન્ય પ્રમાણ કરતાં ઓછું થઈ જાય છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (1), (3) અને (4)
(C) માત્ર (2), (3) અને (4)
(D) માત્ર (1), (2) અને (4)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ કેન્દ્ર સરકારે દરેક રાજ્ય સરકારને 'મેડિકલ ઓકિસજન'નો યોગ્ય જથ્થો જાળવવા માટે કહ્યું છે. તથા તેને 'Essential Commodities'ની યાદીમાં સમાવવામાં આવ્યું છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ મેડિકલ ઓકિસજન એ એક પ્રકારનો શુદ્ધ ઓકિસજન છે કે જેમાં 99.5% જેટલો શુદ્ધ ઓકિસજન રહેલો હોય છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આપણે શ્વસન ક્રિયામાં જે હવા લઈએ છીએ તે હવામાં (સામાન્ય પરિસ્થિતિઓમાં) ઓકિસજનનું પ્રમાણ 21% હોય છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ પરંતુ શહેરોમાં કે ઔદ્યોગિક એકમોની પાસે વિવિધ પરિબળોના કારણે હવામાં ઓકિસજનનું પ્રમાણ ઘટે છે. જેમ કે, કારખાનાઓની ચિમનીમાંથી સલ્ફર છૂટો પડતાં તે ઓકિસજન સાથે પ્રક્રિયા કરીને સલ્ફર ડાયોક્સાઈડ બનાવે છે. આથી, ઓકિસજનનું પ્રમાણ ઘટે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ શ્વસન ક્રિયા કરવામાં તકલીફ પડતી હોય તેવાં દર્દીને વાતાવરણની હવા તથા મેડિકલ ઓકિસજન મિશ્ર સ્વરૂપે આપવામાં આવે છે. કારણ કે, વ્યક્તિને વાતાવરણમાં રહેલાં ઓકિસજન કરતાં વધારે ઓકિસજનની જરૂરિયાત હોય છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) 'ભગવાન મહાવીર' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) મહાવીર જયંતી ચૈત્ર મહિનાની પૂનમના દિવસ ઊજવવામાં આવે છે.

(2) તેમનું જન્મ સમયનું નામ વર્ધમાન હતું.

(3) તેમણે 29 વર્ષની ઉંમરે ગૃહ ત્યાગ કર્યો હતો.

(4) તેમને 49 વર્ષની ઉંરે 'કૈવલ્ય'' પ્રાપ્ત થયું હતું.

(A) માત્ર (1), (2) અને (3)

(B) આપેલ તમામ

(C) માત્ર (2)

(D) માત્ર (2), (3) અને (4)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ મહાવીર જયંતી એ જૈન સમુદાયનો એક સૌથી મહત્ત્વનો તહેવાર છે. આ તહેવાર 'ચૈત્ર સુદ તેરસ'ના દિવસે ઊજવવામાં આવે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ દિવસે ભગવાન મહાવીર (24માં તિર્થંકાર)નો જન્મ થયો હતો. તેમનું મૂળ નામ વર્ધમાન હતું. તે રાજા સિદ્ધાર્થ અને રાણી ત્રિશલાના પુત્ર હતા. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તેઓ ઈક્સાવકુ રાજવંશના હતાં.

⇛ તેમણે 30 વર્ષની ઉંમરે ગૃહ ત્યાગ કર્યો હતો. તથા 42 વર્ષની ઉંમરે 'કૈવલ્ય'ની પ્રાપ્તિ કરી હતી. (આથી, વિધાન (3) અને (4) ખોટાં છે.)

⇛ ભગવાન મહાવીર તેમના ઉપદેશોમાં પ્રાકૃત ભાષાનો ઉપયોગ કરતાં હતાં.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**(3) કોરોના વાયરસને કારણે વિશ્વના વિવિધ દેશોમાં 'લોકડાઉન' ચાલી રહ્યા છે. આ લોકડાઉનની પર્યાવરણીય અસર વિશે નીચેનામાંથી શું સાચું છે.**

(1) 'ગ્લોબલ કાર્બન પ્રોજેકટ'ના જણાવ્યા મુજબ કાર્બન ડાયોકસાઈડના ઉતસર્જનનું પ્રમાણ આ વર્ષે 5% ઓછું રહેશે.
(2) આ ઘટાડો બીજા વિશ્વ યુદ્ધથી હાલ સુધીનો સૌથી મોટો ઘટાડો છે.
(3) સંયુક્ત રાષ્ટ્રો દ્વારા જણાવવામાં આવ્યું છે કે, પર્યાવરણની આ હકારાત્મક અસર ટૂંકા ગાળા પૂરતી જ છે.
(4) વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા આ બાબતે એક રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. જેનું નામ "Shared Responsibility, Global Solidarity" છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) આપેલ તમામ
(D) માત્ર (2) અને (4)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ વિશ્વમાં થયેલાં વિવિધ લોકડાઉનના પગલે પર્યાવરણમાં હકારાત્મક અસરો જોવા મળી છે.

⇛ વિવિધ શહેરોની 'વાયુ ગુણવત્તા' સુધરી છે તથા જળાશયોના પાણી સ્વચ્છ થયાં છે. આ માટેનું કારણ હાલ પૂરતાં નિષ્ક્રીય ઔદ્યોગિક એકમો છે.

⇛ 'ગ્લોબલ કાર્બન પ્રોજેકટ'ના જણાવ્યા અનુસાર કાર્બન ડાયોકસાઈડના ઉત્સર્જનમાં આ વર્ષે 5% જેટલો ઘટાડો જોવા મળશે તથા આ ઘટાડો બીજા વિશ્વ યુદ્ધ બાદ જોવા મળેલો સૌથી મોટો ઘટાડો છે. (આથી, વિધાન (1) અને (2) સાચાં છે.)

⇛ સંયુક્ત રાષ્ટ્રો (UN) દ્વારા આ બાબતે એક રિપોર્ટ પ્રહેર કરવામાં આવ્યો છે. જેનું નામ "Shared Responsilibity, Global Solidarity" છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ આ આ રિપોર્ટમાં જણાવ્યા અનુસાર વાતાવરણ તથા પર્યાવરણમાં COVID-19ના કારણે જોવા મળેલી હકારાત્મક અસર ટૂંકા ગાળાની છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ©

**(4) 'સ્પેસ ઈનટરનેટ' (Space Internet) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ પ્રકારના ઈન્ટરનેટ માટે ઉપગ્રહોને 'જીઓ–સ્ટેશનરી ઓરબીટ'માં રાખવામાં આવતાં નેટવર્કની સાતત્યતા જળવાય રહે છે.

(2) 'જીઓ–સ્ટેશનરી' ઓરબીટમાં મુકવામાં આવેલાં 3 થી 4 જેટલાં ઉપગ્રહો સમગ્ર પૃથ્વીને આવરી શકે છે.

(3) 'લો–અર્થ ઓરબીટ' દ્વારા સ્પેસ ઈન્ટરનેટ મેળવીએ તો 'ટાઈમ–લેગ' વધી જાય છે.

(4) 'લો–અર્થ ઓરબીટ'નો ફાયદો એ છે કે, એક ઉપગ્રહ કોઈ નિશ્ચિત સ્થળ પર 24 કલાક હાજર રહે છે. આથી, વિસ્તાર આધારિત સેવાઓ આપવામાં તે ફાયદાકારક છે.

(A) માત્ર (1) અને (3) (B) માત્ર (2) અને (4)

(C) માત્ર (1) અને (2) (D) આપેલ તમામ

⇒ જવાબ :- C

**સમજૂતી :**

⇒ સ્પેસ ઈન્ટરનેટની સેવા મેળવવા માટે ઉપગ્રહોનો ઉપયોગ કરવો પડે છે. આ ઉપગ્રહોને 'જીઓ–સ્ટેશનરી' કે 'લો–અર્થ' ઓરબીટ એમ બન્નેમાં રાખી શકાય છે. બન્નેના પોત–પોતાના ફાયદા–ગેરફાયદા છે.

⇒ જીઓ–સ્ટેશનરી ઓરબીટ પૃથ્વીથી ખૂબ દૂર હોય છે તથા આ કક્ષામાં રહેલ ઉપગ્રહ પૃથ્વીના આશરે 1/3 વિસ્તારને આવરી શકે છે. આથી, સમગ્ર પૃથ્વીને આવરવા માટે માત્ર 3 થી 4 ઉપગ્રહોની જરૂર પડે છે. પરંતુ આ ઉપગ્રહો પૃથ્વીથી દૂર હોવાથી ઈન્ટરનેટમાં 'ટાઈમ–લેગ' વધુ જોવા મળે છે. આ ઉપગ્રહો પૃથ્વીના કોઈ સ્થળ પરથી હંમેશા સ્થિર દેખાય છે આથી જે–તે સ્થળે નેટવર્કની સાતત્યતા જાળવવા માટે આ કક્ષામાં રહેલાં ઉપગ્રહો ઉપયોગી છે. (આથી, વિધાન (1) અને (2) સાચાં છે.)

⇒ 'લો–અર્થ' ઓરબીટમાં રહેલાં ઉપગ્રહોનો ફાયદો એ છે કે તેનું પૃથ્વીથી અંતર ઓછું હોવાથી 'ટાઈમ–લેગ' પ્રમાણમાં ઓછો જોવા મળે છે પરંતુ આ ઉપગ્રહોની ભ્રમણ–ગતિ વધુ હોવાથી તે કેટલાંક કલાકો પૂરતાં જ જે–તે સ્થળને આવરી શકે છે આથી, સાતત્યતા જળવાતી નથી, ઉપરાંત સમગ્ર પૃથ્વીને આવરી લેવા માટે ઘણાં બધાં ઉપગ્રહોની જરૂર પડે છે. (આથી, વિધાન (3) અને (4) ખોટાં છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) 'Poliomyelitis' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તે ખૂબ જ ચેપી રોગ છે.

(2) તે બેક્ટેરિયા દ્વારા થતો રોગ છે.

(3) તે ચેપી ખોરાક કે પાણી દ્વારા પ્રસરી શકે છે.

(4) આ રોગ દ્વારા 'પેરાલિસીસ' થઈ શકે છે.

(A) આપેલ પૈકી એક પણ નહીં (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1), (2) અને (4) (D) માત્ર (1), (3) અને (4)

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ 'Poliomyelitis' એટલે કે, પોલિયો એ એક ગંભીર ચેપી રોગ છે જે મુખ્યત્વે વાયરસ દ્વારા થાય છે. તેના વાયરસનું નામ 'પોલિયોવાયરસ' છે. (આથી, વિધાન (1) સાચું છે જ્યારે વિધાન (2) ખોટું છે.)

⇛ આ રોગ મુખ્યત્વે બાળકોને થાય છે અને માણસથી માણસ વચ્ચે ફેલાય શકે છે. આ રોગ ચેપી પાણી કે ખોરાક દ્વારા પણ ફેલાય શકે છે પરંતુ તેનું પ્રમાણ ઓછું હોય છે. (આથી વિધાન (3) સાચું છે.)

⇛ પોલિયોના શરૂઆતના લક્ષણોમાં તાવ આવવો, થાક લાગવો, માથું દુ:ખવું, ઊલ્ટી થવી વગેરે જોવા મળે છે. ખૂબ ઓછાં કેસમાં આ રોગ દ્વારા પેરાલિસીસ પણ થઈ શકે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા Social Media Icon પર Click કરો.

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

**YouTube**
ICE RAJKOT

**Instagram**
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT